# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-07-2024** **Midday : 1.20 to 1.30**
**Day : Tuesday** **National News**

આકાશવાણી- સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વાસ વ્યકત કર્યો છે કે, ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનશે.
- કૃષિ માળખાકીય ભંડોળ હેઠળ 76 હજાર કરોડ રૂપિયાથી વધુની 72 હજાર માળખાકીય યોજના બનાવાઈ હોવાનું જણાવતા કૃષિ મંત્રી શિવરાજસિંહ
- કેરળના વાયનાડમાં ભુસ્ખલનમાં 36નાં મોતઃ 66ને ઇજાઃ મૃત્યુઆંક વધવાની સંભાવના
- ઝારખંડમાં ટ્રેન દુર્ઘટનામાં બે મુસાફરનાં મૃત્યુઃ 50ને ઇજા
- આગામી ત્રણ-ચાર દિવસ ઉત્તર-પશ્ચિમ ભારતનાં મોટા ભાગનાં રાજ્યોમાં સક્રિય ચોમાસાનાં હવામાન વિભાગની આગાહી
- પેરિસ ઓલિમ્પિકમાં 10 મીટર એર પિસ્ટલ મિક્સ્ડ ટીમ રમતમાં મનુ ભાકર અને સરબજોત સિંહની જોડી આજે ભારતને બીજો ચંદ્રક જીતાડવા સ્પર્ધા કરશે

*****************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# DAY PM-BUDGET CONFERENCE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે દેશની જીડીપી આઠ ટકાના દરે વધી રહી છે અને ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે.

આજે નવી દિલ્હીમાં 'જર્ની ટુવર્ડ્સ વિકિસિત ભારતઃ અ પોસ્ટ યુનિયન બજેટ 2024-25 કોન્ફરન્સ'ના ઉદ્ઘાટન સત્રને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે, ભારત રોગચાળા સામે લડ્યા બાદ પણ નવી ઊંચાઈએ પહોંચ્યું છે. તેમણે કહ્યું કે, સરકાર તમામ ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, બજેટનું કદ હવે ત્રણ ગણું વધીને 48 લાખ કરોડ રૂપિયા થઈ ગયું છે. તેમણે કહ્યું કે, સરકારે મંત્રાલયોની ફાળવણીમાં રેકોર્ડ વધારો કર્યો છે. શ્રી મોદીએ કહ્યું, ભારત એકમાત્ર એવો દેશ છે જ્યાં ઉચ્ચ વૃદ્ધિ અને ઓછો ફુગાવો છે. શ્રી મોદીએ કહ્યું કે, છેલ્લા 10 વર્ષમાં 25 કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, સરકારે સરળ જીવન, કૌશલ્ય વિકાસ, રોજગાર પર વિશેષ ધ્યાન આપ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે સરકાર તેના તમામ નાગરિકો માટે જીવનની સરળતા અને જીવનની ગુણવત્તા સુનિશ્ચિત કરી રહી છે.

# LS – AGRICULTURE

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું છે કે કૃષિ માળખાકીય ભંડોળ હેઠળ દેશમાં 76 હજાર કરોડ રૂપિયાથી વધુની 72 હજાર માળખાકીય યોજના બનાવવામાં આવી છે. આ યોજનાનો હેતુ ખેડૂતોનું નુકસાન ઘટાડવા, ખેડૂતો વધુ મૂલ્ય પ્રાપ્ત કરી શકે, કૃષિમાં નવીનતાને પ્રોત્સાહન મળે અને કૃષિના વિકાસ માટે રોકાણ મેળવી શકે તેવો છે.

તેમણે કહ્યું કે આ યોજના હેઠળ, બેંકો અને નાણાકીય સંસ્થાઓ દ્વારા પાત્ર ઉધાર લેનારાઓને એક લાખ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે. લોકસભામાં પૂરક પ્રશ્નોનો જવાબ આપતા તેમણે જણાવ્યું હતું કે, સરકાર સંગ્રહ માટે યોગ્ય વ્યવસ્થા કરી રહી છે જેથી ખેડૂતોને તેમના પાકના વાજબી ભાવ મળી શકે. સરકાર ખેડૂતોનું પાક ઉત્પાદન વધારવા માટે સતત કામ કરી રહી હોવાનું જણાવતા તેમણે દેશમાં કૃષિ વિકાસ દર ચાર ટકાની આસપાસ હોવાનું જણાવ્યું હતું.

## FM-LSBUDGET REPLY

કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણ આજે સાંજે લોકસભામાં અંદાજપત્ર પરની ચર્ચાનો જવાબ આપે તેવી સંભાવના છે. કેન્દ્રીય અંદાજપત્ર 23 જુલાઇનાં રોજ રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં સરકારે તમામ વર્ગોનાં લોકો માટે તકો ઊભી કરવા નવ પ્રાથમિકતા નક્કી કરી હતી. અંદાજપત્ર રજૂ કરતા નાણા મંત્રીએ જણાવ્યું હતું કે, ગરીબો, મહિલાઓ, યુવાનો અને ખેડૂતોનાં કલ્યાણ માટે સરકાર પ્રતિબધ્ધ છે.

## KERALA WAYAND

કેરળમાં ભારે વરસાદના કારણે વાયનાડ જિલ્લાના મુંડક્કઈ, અટ્ટમાલા અને ચૂરામલા વિસ્તારમાં તારાજી સર્જાઈ છે. આજે સવારે ભૂસ્ખલન થતાં અત્યાર સુધીમાં 36 લોકોનાં મોત નીપજ્યા હોવાના અહેવાલ છે. જ્યારે આ દુર્ઘટનામાં ઈજાગ્રસ્ત થયેલા 66થી વધુ લોકોને સારવાર માટે વિવિધ હૉસ્પિટલ્સમાં દાખલ કરાયા છે.

અસરગ્રસ્ત વિસ્તારમાં અનેક લોકો ફસાયા હોવાની પણ શક્યતા છે. અહીં પૂરના કારણે અનેક ઘર અને વાહનને નુકસાન પહોંચ્યું છે. રાજ્ય સરકારે પરિસ્થિતિને પહોંચી વળવા સશસ્ત્ર દળ પાસેથી મદદ માગી છે.

કોઝિકોડ અને કન્નૂરથી  સેનાના જવાનોને તહેનાત કરવામાં આવ્યા છે. બેંગલુરુ અને તામિલનાડુના અરાકોણમથી NDRFની વધુ ટુકડીઓ આજે વાયનાડ પહોંચે તેવી સંભાવના છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આ દુર્ઘટના અંગે શોક વ્યક્ત કર્યો હતો.સામાજિક માધ્યમના એક સંદેશમાં ગૃહ મંત્રી અમિત શાહે કહ્યું, NDRFની ટુકડી અસરગ્રસ્ત વિસ્તારમાં યુદ્ધના ધોરણે રાહત અને બચાવ કામગીરી કરી રહ્યું છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભૂસ્ખલનમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારજનો માટે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી પ્રત્યેક મૃતકનાં પરિવારજનોને 2-2 લાખ રૂપિયા અને ઈજાગ્રસ્તોને 50—50 હજાર રૂપિયાના વળતરની સહાય આપવાની જાહેરાત

કરી છે. દરમિયાન પ્રધાનમંત્રી મોદીએ કેરળના મુખ્યમંત્રી પિનારાઈ વિજયન સાથે પણ વાત કરી તમામ સહાય પૂરી પાડવાનું આશ્વાસન આપ્યું હતું. લોકસભામાં વિરોધપત્રના નેતા અને વાયનાડના સાંસદ રાહુલ ગાંધીએ સરકરને વાયનાડની સ્થિતિને ધ્યાનમાં રાખીને તમામ સહાય ઝડપથી પહોંચાડવા અપીલ કરી છે.

## JHARKHAND TRAIN ACCIDENT

ઝારખંડના ચક્રધરપુર રેલવે ડિવિઝનમાં આજે સવારે 4 વાગ્યે સર્જાયેલી ટ્રેન દુર્ઘટનામાં બે મુસાફરનાં મૃત્યુ થયા હતા અને 50ને ઇજા થઈ હતી. હાવડાથી મુંબઈ જતી મુંબઈ મેલને રાજખારસાવન-બડાબામ્બો સ્ટેશન વચ્ચે અકસ્માત નડ્યો હતો. ટ્રેનના 18 ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા.

રેલવેની ટીમ રાહત અને બચાવકાર્યમાં લાગેલી છે. ઇજાગ્રસ્ત મુસાફરોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ચક્રધરપુર રેલવે ડિવિઝનના વરિષ્ઠ અધિકારીઓ રાહત ટ્રેન સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા છે.

રેલવેએ અટવાઇ પડેલા મુસાફરો માટે વિશેષ વ્યવસ્થા કરી છે. ઘટના સ્થળેથી પ્રવાસીઓનાં પરિવહન માટે વિશેષ બસોની વ્યવસ્થા કરવામાં આવી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

# IMD-WEATHER

હવામાન વિભાગે આગામી ત્રણથી ચાર દિવસ સુધી ઉત્તર પશ્ચિમ ભારતના મોટા ભાગના વિસ્તારોમાં સક્રિય ચોમાસું રહેવાની આગાહી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, ચોમાસું સક્રિય છે અને દરિયાની સપાટી પર તેની

સામાન્ય સ્થિતિથી દક્ષિણમાં છે, તે આગામી ત્રણથી ચાર દિવસ દરમિયાન ધીમે ધીમે ઉત્તર તરફ વળવાની સંભાવના છે.

# GANGOTRI YAMUNOTRI HIGHWAY CLOSED

ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં ગઈકાલે આખી રાત વરસાદ વરસતા ગંગોત્રી—યમુનોત્રી હાઈ-વે પર અનેક જગ્યાએ કાટમાળના કારણે પરિવહન બંધ કરાયું છે. નદી-નાળાની જળસપાટી વધવાથી ઘણું નુકસાન પહોંચ્યું છે. ગંગોત્રી હાઈ-વે પર નેતાલા પાસે કાટમાળના કારણે વાહનોની અવરજવર બંધ કરવામાં આવી છે. આ જ રીતે યમુનોત્રી રાષ્ટ્રીય હાઈ-વે પર પણ ડાબરકોટના ખરાદીથી આગળ માર્ગ બંધ કરાયો છે.

આ અંગેની માહિતી મળતાં NHAI અને B.R.O.ની ટુકડીએ માર્ગને પૂર્વવત્ કરવાની કામગીરી કરી હતી. આ જિલ્લા આપદા સંચાલન કેન્દ્ર ઉત્તરકાશીના જણાવ્યા પ્રમાણે, હાલમાં ગંગોત્રી ધામમાં વાદળ છવાઈ ગયા છે અને ગંગોત્રીધામમાં ભાગીરથી નદીનું જળસ્તર સામાન્ય છે.

## DGHS-HEALTHMEET

આરોગ્ય સેવાઓના મહાનિર્દેશક ડૉ. અતુલ ગોયલે માત્ર નિદાન અને થેરાપીના વિકલ્પો પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે રોગોને અટકાવવા માટે આરોગ્ય સંભાળના સંસાધનો પર રોકાણ કરવા પર ભાર મૂક્યો છે. ડૉ. ગોયલે ભારતની આરોગ્યક્ષેત્રની ટોચની વ્યવસાયિક સંસ્થાઓ સાથેની બેઠકમાં આમ જણાવ્યું હતું.

બેઠકમાં સહભાગીઓએ સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવા, રોગોને રોકવા અને તમાકુ અને આલ્કોહોલનું સેવન બંધ કરવા માટેની વ્યૂહરચનાઓ પર પણ ચર્ચા થઈ હતી. તમામ વ્યાવસાયિક સંસ્થાઓ આરોગ્યને પ્રોત્સાહન આપવાના ઠરાવને સ્વીકારવા સંમત થઈ હતી.

## OLYMPIC MEDALTALLY

ભારતીય નિશાનેબાજ મનુ ભાકર અને સરબજોત સિંહ આજે પેરિસ ઓલિમ્પિકમાં 10 મીટર એર પિસ્ટલ મિક્સ્ડ ટીમ રમતમાં ભારતનાં બીજા ચંદ્રક માટે સ્પર્ધા કરશે. આ જોડી ગઈ કાલે કાંસ્ય ચંદ્રક માટેની અંતિમ મેચ માટે ક્વોલિફાય થઈ હતી. તેઓ બપોરે એક વાગે દક્ષિણ કોરિયાની ઓહ યે જિન અને લી વોન્હોની જોડીનો સામનો કરશે.

ઓલિમ્પિક રમતોત્સવમાં ફ્રાન્સ અને જાપાન અનુક્રમે પ્રથમ અને બીજા સ્થાને જ્યારે ભારત 26માં સ્થાને છે. પેરિસ ઓલિમ્પિકમાં ભારતીય ખેલાડીઓએ નિશાનેબાજી, તીરંદાજી, હોકી અને બેડમિન્ટન જેવી રમતોમાં ભાગ લીધો હતો.

જો કે હજુ સુધી ભારતે માત્ર એક જ ચંદ્રક જીતીને મેડલ ટેલીમાં 26મુ સ્થાન પ્રાપ્ત કર્યું છે. જ્યારે ફ્રાન્સ 5 સુવર્ણ, 8 રજત અને 3 કાંસ્ય ચંદ્રક મળીને કુલ 16 ચંદ્રકો સાથે પ્રથમ અને જાપાન 6 સુવર્ણ, 2 રજત અને 4 કાંસ્ય ચંદ્રક જીતીને કુલ 12 ચંદ્રકો સાથે બીજા સ્થાને છે. આ સાથે ચીન ત્રીજા દક્ષિણ કોરિયા ચોથા અને ઓસ્ટ્રેલિયાને પાંચમા સ્થાને છે.

## INDIA-SRI LANKA-3RD T20

શ્રીલંકા સામેની ત્રણ ટી-20 ક્રિકેટ મેચની શ્રેણીમાં સરસાઈ મેળવ્યા બાદ ભારતીય ક્રિકેટ ટીમ આજે ભારતીય સમયાનુસાર સાંજે સાત વાગ્યે શ્રીલંકાના પલ્લેકલ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમમાં ફરી મેદાનમાં ઉતરશે.

શ્રેણીની બીજી મેચમાં ભારતીય ટીમે નવા કેપ્ટન સૂર્યકુમાર યાદવના નેતૃત્વમાં જીત હાંસલ કરી શ્રેણી પહેલાં જ પોતાના નામે કરી લીધી છે. ભારતનું લક્ષ્ય હવે આજની ત્રીજી અને છેલ્લી મેચ જીતીને 3–0થી જીત મેળવી ક્લીન સ્વિપ કરવાનું છે.